# મનપાની પ્રી-મોન્સૂન કામગીરી ફેઈલ

**મંગળવારે** ભારે વરસાદ પડવાની ખબર હતી જ તો પછી કેમ પહેલેથી પગલા લીધા નહીં?

**લોકોના** ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયા, મોટાભાગના ધંધા-રોજગાર બંધ રાખવા પડ્યા અને નુકસાન લોકોએ વેઠવું પડશે

સુરતઃ મનપા દ્વારા પ્રી-મોન્સૂન કામગીરી કરવામાં આવી હોવાના બણગાં ફૂંકવામાં આવ્યા હતા પરંતુ આ કામગીરી પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જવા પામી છે. સોમવારે પડેલા ભારે વરસાદને કારણે આખું શહેર પાણી-પાણી થઈ ગયું હતું. ત્યારે બીજા દિવસે પણ તકેદારી મનપાનું તંત્ર રાખી શક્યું હોત. બીજા દિવસે પડનારા ભારે વરસાદનો નિકાલ કરવા માટેની કામગીરી પણ મનપા કરી શકી હોત પરંતુ તેમ કરાયું નહીં. પ્રી-મોન્સુન કામગીરીમાં એ પણ જોવાનું હોય છે કે ક્યાં પાણી ભરાઈ શકે છે. ભૂતકાળમાં ભારે કવાયત કરવામાં આવી હતી, આવા વિસ્તારોને શોધવા માટે પરંતુ બધું આ વખતે નિષ્ફળ રહ્યું છે. સુરતમાં અનેક વિસ્તારો એવા છે કે જ્યાં કાયમ પાણી ભરાય છે. સામાન્ય વરસાદમાં પણ સ્થિતિ ખરાબ થતી હોય છે. પરંતુ આ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ મનપા ક્યારેય બદલી શકી નથી. ભૂતકાળમાં જ્યારે પણ ભારે વરસાદની સ્થિતિ સર્જાઈ છે ત્યારે મનપા તંત્રએ ભારે જહેમત ઉઠાવીને શહેરીજનોને બચાવ્યા છે પરંતુ આ વખતે જાણે સુરતમાં પૂરના પાણી ફરી વળ્યા હોય તેવું દેખાઈ આવતું હતું. જે સોસા.માં પાણી આવતા નહોતા તે સોસા.માં પણ પાંચ-પાંચ ફુટ પાણી જોવા મળ્યા હતા. ઘરોમાં પાણી ઘૂસતા લોકોએ વ્યાપક નુકસાન ઉઠાવવું પડ્યું. ભટાર વિસ્તાર હોય કે પછી પોદ્દાર આર્કેડ વિસ્તાર હોય, આ દુકાનદારોએ લાખો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. વરાછા-કતારગામમાં તો અનેક બિલ્ડિંગો અને પ્રોજેક્ટમાં બેઝમેન્ટમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. જેને કાઢવા માટે પણ દિવસો લાગશે. આજે પડેલા વરસાદમાં રસ્તાઓ પર પાણી ફરી વળવાની સાથે સોસા.માં અને લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. માત્ર ઘરો જ નહીં પરંતુ દુકાનોમાં પણ પાણી ફરી વળતા લાખોનું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. જ્યાં પાણી ભરાઈ ગયા છે અને ઉતર્યા હશે ત્યાં રોગચાળાનું પણ મોટું જોખમ રહેલું છે. જો પહેલેથી જ ધ્યાન અપાયું હોત તો આવી સ્થિતિ થઈ નહી હોત. અનેક વિસ્તારો એવા છે કે જ્યાં રસ્તાઓ નીચા છે. જેને કારણે પાણી ભરાવાની સમસ્યા ઉભી થાય છે. આજે પાણી ભરાવાને કારણે જે હાલાકી લોકોએ સહન કરવી પડી છે તેમનો આક્રોશ ખૂબ જ ઉગ્ર છે. મનપા તંત્રની પ્રી-મોન્સૂનની કામગીરી સદંતર નિષ્ફળ રહી છે અને તેને કારણે હવે લોકોએ લાખો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવશે તે નક્કી છે.

## પ્રજા પાણીમાં ડૂબી અને નેતાઓ એસી રૂમમાં કાજુ કતરી ઝાપટવામાં મશગૂલ



મુગલીસરા ખાતે આવેલા તાપી ભવનમાં આવી વિકટ પરિસ્થિતિમાં પણ 12 વિવિધ સમિતિના ચેરમેનોના પદગ્રહણનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેને સુરત ભાજપ પ્રમુખ ધારે તો પ્રજાની હાલાકી જોઈને મોકૂફ રાખી શક્યા હોત. પરંતુ સંવેદનશીલતા નેવે મૂકીને નેતાઓ નવી સરકારી ગાડીઓ, આલીશાન ઓફિસો મેળવવાની ખુશીમાં રાચતા નજરે પડ્યા હતા. સવારે 10 થી બપોરે 1 વાગ્યા સુધી ચાલેલા આ પદગ્રહણના જલસામાં નેતાઓ અને કાર્યકરો માટે ગરમાગરમ ઢોકળા, ખમણ અને ઈડલી-સંભાર જેવા સ્વાદિષ્ટ નાસ્તાની ભવ્ય જયાફત ઉડાવવામાં આવી હતી. એટલું જ નહીં, નવા ચેરમેનોની કેબિનોમાં એકબીજાના મોં મીઠા કરાવવા માટે 1-1 કિલોના કાજુ કતરીના મોટા પેકેટો મંગાવીને ઉજવણી કરવામાં આવી રહી હતી. પૂરપીડિતો સુધી હજુ સરકારી ફૂડ પેકેટો પહોંચ્યા નથી, પણ નેતાઓ માટે મિનિટોમાં કાજુ કતરી હાજર થઈ ગઈ હતી.

## સરથાણા ઝોન ઓફિસ ધોધમાં ફેરવાઈ



મનપાની સરથાણા ઝોન ઓફિસની અંદર દાદરા પરથી પાણીનો ભારે વહેણ વહેતો થતાં મુલાકાતીઓ અને કર્મચારીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા

## બાંકડાનો ઉપયોગ ગાડી મુકવા કરાયો




ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો અને સોસાયટીઓના પાર્કિંગમાં ગોઠણસમા પાણી ભરાઈ જતાં વાહનોને ડૂબતા બચાવવા માટે લોકોએ મનપાના બાંકડા ઉપર પોતાના ટુ-વ્હીલર ચડાવીને પાર્ક કરી દીધા હતા.

## મોટા વરાછા રિવર સાઈડ મિરેકલ બિલ્ડિંગ પાસે માટી ધસતાં પાણીનો ધોધ સર્જાયો



સુરતમાં વરસેલા અવિરત વરસાદના કારણે મોટા વરાછા વિસ્તારમાંથી એક ચિંતાજનક વિડીયો સામે આવ્યો છે. અહીં રિવર સાઈડ પર આવેલી 'મિરેકલ સાઈટ' પાસે ભારે વરસાદના કારણે અચાનક મોટા પ્રમાણમાં માટી ધસી પડી હતી. માટી ધસી જવાના કારણે ઉપરથી વહી રહેલું વરસાદી પાણી ખૂબ જ વેગ સાથે નીચે પડવા લાગ્યું હતું, જેથી ત્યાં જાણે કુદરતી ધોધ વહેતો થઈ ગયો હોય તેવો ઘાટ સર્જાયો હતો. આ દ્રશ્યો જોઈને આસપાસના લોકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો.

## આ તો સુરતીઓ જ કરી શકેઃ પૂરના પાણીમાં સોફા નાખી ને બેઠાં



ભારે કરી! રસ્તાઓ પર નદીની જેમ ધસમસતા પાણી વહી રહ્યા છે અને લોકો ચિંતામાં છે, ત્યારે બે સુરતી યુવાનોએ આ પૂરની સ્થિતિમાં પણ મોજ કરવાનો અનોખો જુગાડ શોધી કાઢ્યો હતો. રસ્તા પર વહી રહેલા જોરદાર પાણીની વચ્ચે બંને જણા મસ્ત આરામદાયક સોફો નાખીને બેઠા હતા. આજુબાજુથી પાણી વહી રહ્યું છે અને તેઓ જાણે કોઈ રિસોર્ટમાં બેઠા હોય તેમ જલસાથી સોફા પર બેસીને પૂરની મજા માણી રહ્યા હતા. આ અદભુત અને રમૂજી નજારો જોઈને લોકો હસી-હસીને લોટપોટ થઈ ગયા હતા. મુશ્કેલીના સમયે પણ ટેન્શન લીધા વગર જિંદગીની મજા કેમ લેવી, તે કોઈ સુરતીઓ પાસેથી શીખે.

## પોદ્દાર આર્કેડમાં બેઝમેન્ટની દુકાનોમાં લાખોનું નુકસાન

વરાછા રોડ પર આવેલા ધોધની જેમ ધસમસતું આ વરસાદી પાણી સીધું પોદ્દાર આર્કેડના બેઝમેન્ટમાં ધસી ગયું હતું. બેઝમેન્ટ આખું પાણીમાં ગરકાવ થઈ જતાં ત્યાં આવેલી દુકાનોમાં પાણી ફરી વળ્યા હતા. અચાનક પાણી ભરાઈ જવાના કારણે વેપારીઓને માલસામાન ખસેડવાનો મોકો પણ નહોતો મળ્યો, જેના લીધે દુકાનોમાં રાખેલો કિંમતી સામાન સંપૂર્ણ પલળી ગયો છે અને વેપારીઓને લાખો રૂપિયાનું મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

## 91 જગ્યાએ પાણી ભરાવાના કોલ નોંધાયા

સુરત મહાનગરપાલિકાના કંટ્રોલરૂમમાં કુલ 91 જેટલા અલગ અલગ વિસ્તારોમાંથી પાણી ભરાવાના કોલ મળ્યા હતા. જેમાં સૌથી વધુ કતારગામ ઝોનમાં 16, વરાછા એ ઝોનમાં 15, ઉધના ઝોનમાં 14, રાંદેર ઝોનમાં 11, સેન્ટ્રલ ઝોનમાં 10, અઠવા ઝોનમાં 9, વરાછા બી ઝોનમાં 8, ઉધના બી ઝોનમાં 5, લિંબાયત ઝોન માં 3 જગ્યાએ પાણી ભરવાના કોલ મળ્યા હતા.

## જૂના કોસાડ રોડ પર કમરસમા પાણી

જુના કોસાડ રોડની આસપાસ આવેલી કૃષ્ણનગર, શિવનગર સોસાયટીઓમાં 3થી 5 ફુટ જેટલા પાણી ભરાયા હતા અને મનીષા ગરનાળામાં છાતી જેટલા પાણી ભરાતા લોકો હેરાન થયા હતા. સોસા.માં પાણી ભરાવાને કારણે લોકોના ઘરોમાં બે બે ફુટ સુધી પાણી ઘૂસી ગયા હતા. જ્યારે રસ્તાઓ પર પાંચ ફુટ સુધી પાણી ભરાતા લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની ગયું હતું.

## નાનપુરા ફેમિલી કોર્ટમાં પાણી જ પાણી

સુરતમાં વરસેલા અવિરત વરસાદના કારણે હવે સરકારી કચેરીઓ પણ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. શહેરમાં પડેલા ભારે વરસાદને પગલે નાનપુરા ખાતે આવેલી ફેમિલી કોર્ટના સંકુલમાં વરસાદી પાણી ફરી વળ્યા છે. કોર્ટના ગ્રાઉન્ડ ફ્લોર અને પરિસરમાં પાણી ભરાઈ જવાના કારણે વકીલો, પક્ષકારો અને કર્મચારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી ભરાવાને લીધે કોર્ટની કામગીરી પર પણ માઠી અસર પહોંચી છે.

# ખાડીપૂર નહીં આવે તેવી મોટાઉપાડે કરેલી જાહેરાતો પોકળ પુરવાર થઈ

**જે તે** સમયે મનપા સહિતના તંત્ર દ્વારા એવી બડાઈ હાંકવામાં આવી હતી કે ખાડીઓની સફાઈ અને પહોળાઈ વધાર્યા બાદ પૂર નહીં આવે

**આ** બડાઈની સાથે 200 કરોડના કામો પણ શરૂ કરી દેવાયા પરંતુ તમામ ખર્ચો પૂરના પાણીમાં ગયો

સુરતઃ ખાડીપૂરના મામલે તંત્ર ઉંધું પડ્યું છે. જે તે સમયે તંત્ર દ્વારા પહેલીવાર રેલવે વિભાગ સાથે સંકલન સાધીને વરાછા, લિંબાયત અને ઉત્રાણ જેવા વિસ્તારોમાં વર્ષોથી અસ્પર્શિત રહેલા રેલવે બ્રિજ નીચેના ભાગોમાંથી ફ્લોટિંગ પોકલેન મશીન વડે કચરો અને જળકુંભી સાફ કરી પાણીનો પ્રવાહ સરળ બનાવવાનો દાવો કરકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ભીમરાડ, બમરોલી અને ભેદવાડ જેવી ખાડીઓના પટને જેસીબી અને લોન્ગ બૂમ બ્રેકર્સની મદદથી પહોળા કરી તેની પાણી વહન કરવાની ક્ષમતા વધારવામાં આવી હોવાના દાવા પણ મનપા દ્વારા કરાયા હતા. આ ઉપરાંત સુરત અને તેની આસપાસની તમામ ખાડીઓને જીઆઈએસ પ્લેટફોર્મ પર પ્લોટ કરીને પાણીની આવક, ઊંડાઈ અને પ્રવાહ પર રીઅલ-ટાઈમ દેખરેખ રાખવા માટે ડેશબોર્ડ કાર્યરત કરવાનો દાવો કરાયો હતો. સાથે સ્ટોર્મ વોટર ડ્રેનેજ નેટવર્કને મજબૂત કરવા, ફ્લડ ગેટ્સ વધારવા અને ખાડીના પાણી બેક મારે ત્યારે પમ્પિંગ સ્ટેશનો દ્વારા પાણીનો ત્વરિત નિકાલ કરવાની અદ્યતન સિસ્ટમ ગોઠવવાની જાહેરાતો કરાઈ હતી. આ જાહેરાતોની સાથે ખાડીપૂરને અટકાવવા માટે 200 કરોડના ખર્ચે વિવિધ કામગીરીઓ શરૂ પણ કરી દેવામાં આવી હતી પરંતુ આ કામગીરી હાલના ખાડીપૂરને અટકાવી શકી નથી.

ખાડી પરના દબાણો હટાવવાથી માંડીને ખાડીની સફાઈ કરવાની કામગીરી દેખાડા સમાન સાબિત થઈ છે. અગાઉ આવેલા ખાડીપૂર વખતે મોટી મોટી ગુલબાંગો તંત્ર દ્વારા હાંકવામાં આવી હતી પરંતુ તે તમામ ગુલબાંગો હાલ ખોટી પડી છે. ખાડીપૂરને કારણે જે વિસ્તારોમાં વરસાદી પાણી નહોતા ભરાયા ત્યાં પાણી ભરાઈ ગયા છે. જિંગાતળાવો દૂર થયા પરંતુ તેમ છતાં પણ ખાડીપૂર અટક્યા નથી. ખાડીપૂરને કારણે વર્ષોથી હજારો લોકો હેરાન થાય છે. તંત્રએ સ્થળાંતર કરવું પડે છે. આ બતાવે છે કે ખાડી પરના દબાણો હટ્યા નથી.

## ભારે વરસાદને પગલે કોર્ટ કાર્યવાહીમાં વકીલોની ગેરહાજરીને કોર્ટ ગ્રાહ્ય રાખશે

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા આ મુદ્દે મુખ્ય જિલ્લા ન્યાયાધીશને રજૂઆત કરવામાં આવી હતી. સુરત જિલ્લા વકીલ મંડળનાં પ્રમુખ ઉદય પટેલનાં જણાવ્યાં મુજબ ભારે વરસાદને કારણે વાહનવ્યવહાર ખોરવાયો છે, જેના લીધે વકીલ મિત્રો માટે કોર્ટ સુધી પહોંચવું મુશ્કેલ અને જોખમી બન્યું હતું. વકીલોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને તુરંત જ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સમક્ષ કોર્ટ કાર્યવાહીમાં વકીલોની ગેરહાજરીને મુકિત આપવા માંગ કરી હતી. જેને ધ્યાનમાં રાખીને મુખ્ય જિલ્લા ન્યાયાધીશએ સકારાત્મક પ્રતિસાદ આપી ભારે વરસાદને કારણે વકીલો કોર્ટમાં હાજર ન રહી શકે તો તેમના કેસોમાં કોઈ પ્રતિકૂળ અસર ન પડે તે હેતુથી વકીલને કોર્ટ કાર્યવાહીમાંથી ગેરહાજરીના કારણોસર મુક્તિ આપવા માટેની મંજૂરી આપી દીધી હતી.

## જ્યાં ક્યારેય પાણી નહોતા ભરાયા ત્યાં આ વખતે ભરાયા

સુરત શહેરમાં અનેક એવા વિસ્તારોમાં આ વખતે પાણી ભરાયા હતા કે જેમાં ક્યારેય પાણી ભરાયા નહોતા. ચાહે 2006નું પૂર હોય કે પછી ભારે વરસાદ, પરંતુ ક્યારેય પાણી આવ્યા નથી. ભટાર વિસ્તારમાં પણ 2006ના પૂરમાં પાણી ભરાયા નહોતા. જે આ વખતે ભરાયા હતા. આ ઉપરાંત ભાગળ, રાજમાર્ગ, લીમડાચોક.ચૌટાબજાર સહિતના વિસ્તારોમાં પણ પ્રથમ વખત જ પાણી ભરાયા હતા. ભટારમાં ઉમાભવન, ટેનામેન્ટ વિસ્તાર, સંકલ્પ શોપિંગ સેન્ટર, વૃંદાવન કોમ્પલેક્ષ, આશીર્વાદ એપાર્ટમેન્ટ, સૂર્યકિરણ એપાર્ટમેન્ટ, પીપલોદ, ઉમરા, ઘોડદોડ રોડ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં લોકોના ઘરો, દુકાનો અને વાહનોને નુકસાન પહોંચ્યું હતું. જ્યાં વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થવો જોઈએ ત્યાં કલાકો સુધી પાણી ભરાયેલા રહેતાં નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો.

## જેસીબીના પંજામાં બેસીને વરસાદની મજા માણી



સુરતમાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે સુરતીઓની અનોખી મોજ અને જુગાડના કિસ્સાઓ જોવા મળ્યા હતા. કેટલાક લોકોએ રસ્તા પર ભરાયેલા વરસાદી પાણીથી બચવા અને મજા લેવા માટે સીધું જેસીબી મશીન પર સવારી કરી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા.

## નાના વરાછામાં વિદ્યાર્થીઓનું સ્થળાંતર



નાના વરાછા ખાતે આદર્શ નિવાસી શાળાના વિદ્યાર્થીઓની તાત્કાલિક અન્ય સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. મનપા દ્વારા ત્યાં રહેવા-જમવા સહિતની તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી.

## સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નં .1માંથી પણ પાણી ટપક્યું



સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક ના ઉત્તર તરફના છેડે આવેલા શેડમાંથી પાણી ટપકવાની ગંભીર સમસ્યા સામે આવી છે. ટ્રેનની રાહ જોઈને બેઠેલા મુસાફરો પર સીધું પાણી પડતાં તેઓ ભારે હાલાકીનો ભોગ બન્યા હતા.

## વિઝિબિલિટી ઓછી રહેતા સુરત એરપોર્ટ પર અનેક ફ્લાઈટ રદ

**ઈન્ડિગોની** દીવ- સુરત, સ્ટાર એરની મુન્દ્રા સુરત અને વેંચુરા એરકનેક્ટની સુરતથી અમદાવાદ, રાજકોટ, અમરેલી, ભાવનગરની ફ્લાઈટ્સ રદ

સુરતઃ સુરત શહેરમાં ભારે વરસાદને લીધે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના ઓપરેશનલ એરિયામાં 500 મીટરથી ઓછી વિઝિબિલિટી થઈ જતાં ફ્લાઈટ ઓપરેશન ખોરવાયું હતું. સુરત સહિત ગુજરાતમાં ભારે વરસાદને લીધે ઈન્ડિગોની દીવ- સુરત, સ્ટાર એરની મુન્દ્રા સુરત અને વેંચુરા એરકનેક્ટની સુરતથી અમદાવાદ, રાજકોટ, અમરેલી, ભાવનગરની ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી હતી. સ્ટાર એરની મુન્દ્રા- સુરત ફ્લાઈટ સુરત સુધી આવીને અમદાવાદ પરત ફરી હતી અને એ પછી રદ જાહેર કરવામાં આવી હતી. ઈન્ડિગોની કોલકાતા-સુરત ફ્લાઈટ સુરતમાં ભારે વરસાદને લીધે નાસિક ડાયવર્ટ કરવામાં આવી હતી. 16.50 કલાકે નાશિક ડાયવર્ટ થયેલી ફ્લાઈટ છેક 19.20 કલાકે સુરત આવી હતી. એવી જ રીતે બેંગલુરુ-સુરત, દિલ્હી- સુરત, ગોવા- સુરત અને રાતની દિલ્હી- સુરત ફ્લાઈટ 30 મિનિટથી 45 મિનિટ મોડી સુરત આવી હતી અને મોડેથી ટેકઓફ થઈ હતી. સ્ટાર એરની મુંદ્રાથી આવતી ફ્લાઈટ અમદાવાદ ડાયવર્ટ કરાઈ હતી.

### મુંબઈમાં ખરાબ હવામાનની અસરઃ બે વિમાન સુરત એરપોર્ટ પર ડાયવર્ટ

મુંબઈમાં ખરાબ હવામાન અને પ્રતિકૂળ ઉડ્ડયન પરિસ્થિતિને કારણે શનિવારે કુલ 288 મુસાફર સાથેની એર ઈન્ડિયા અને ઈન્ડિગોની ફ્લાઈટ સુરતમાં ઉતારાઈ, રિફ્યુલિંગ બાદ મુંબઈ માટે રવાના થઈ હતી. એર ઈન્ડિયાની દિલ્હી-મુંબઈ ફ્લાઈટ AI-2963 બપોરે 12:08 વાગ્યે 129 મુસાફર સાથે સુરત એરપોર્ટ પર ઉતરી હતી. ત્યારબાદ ઈન્ડિગોની રાયપુર-મુંબઈ ફ્લાઈટ 6E-594 બપોરે 12:28 વાગ્યે 159 મુસાફર સાથે સુરત પહોંચી હતી. એરપોર્ટ પર બંને વિમાનોમાં રિફ્યુલિંગ સહિતની જરૂરી કામગીરી પૂર્ણ કર્યા બાદ તમામ મુસાફરોને લઈને વિમાનોને તેમના નિર્ધારિત ગંતવ્ય મુંબઈ માટે સુરક્ષિત રીતે રવાના કરવામાં આવ્યાં હતાં.

## સુરત એરપોર્ટના નવા ઈન્ટિ. ટર્મિનલમાંથી પાણી પડ્યું!

**ઠેર ઠેર** છતમાંથી પાણી ટપકી ટર્મિનલ બિલ્ડિંગમાં ભેગું થઈ રહ્યું હોવાનું બહાર આવતા તંત્ર દોડતું થયું,




સુરતઃ ડિસેમ્બર 2023માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરાયેલા સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના બહુચર્ચિત નવા ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડીંગના રૂફ ટોપ પરથી વરસાદી પાણી ટપકવાનો વીડિયો સોશિયલમાં વાયરલ થતા ખળભળાટ મચી ગયો છે. રૂપિયા 138.48 કરોડના ખર્ચે નવું ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગનું કામ કરવામાં આવ્યું છે પરંતુ તે સલામત સાબિત થયું નથી. ગઈકાલે અને આજે ભારે વરસાદને લીધે નવા બનેલા ટર્મિનલ બિલ્ડિંગમાંથી પાણી ટપકતા મુસાફરોને પાણી ભરાવાનો સામનો કરવો પડ્યો હતો. ઠેર ઠેર છતમાંથી પાણી ટપકી ટર્મિનલ બિલ્ડિંગમાં ભેગું થઈ રહ્યું હોવાનું બહાર આવતા તંત્ર દોડતું થયું હતું અને ટપકતા પાણીની ઘટના મોબાઈલમાં શૂટ કરી રહેલા કર્મચારીઓ પાસે વીડિયો ડિલીટ કરાવી CRPF ને મોબાઈલ વિડિયોગ્રાફી બંધ કરાવવા આદેશ આપવામાં આવ્યો હતો.પણ એ પેહલા કેટલાક વીડિયો વાઈરલ થઈ ગયા હતા. એરપોર્ટના એન્ટ્રી અને એકઝિટ વિસ્તારના રૂફ ટોપ પરથી પણ પાણી ટપકતા પેસેન્જર અને તેઓનો સામાન ભીનો થયો હતો. અહીં ફર્શ પર ભરાયેલા પાણીમાં એશિયન મોનિટર (મોટી ગરોળી જેવા પ્રાણી) પણ ફરતા દેખાયા હતા. ઘણા મુસાફરોએ એરપોર્ટની સ્થિતિ અંગે નિરાશા વ્યક્ત કરી હતી, અને પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ત્રણ વર્ષ કરતા પણ ઓછા સમય પહેલા ઉદ્ઘાટન કરાયેલી આધુનિક સુવિધા ભારે વરસાદ દરમિયાન આવી સમસ્યાઓનો સામનો કેવી રીતે કરી શકે છે.

## ભારે વરસાદથી તલંગપોર-ઉનની ખાડીઓ છલકાઈ ઉઠી

**ખાડીઓ** ઓવરફ્લો થતા સચિન GIDCમાં પાણીનો ભરાવો, જોકે ઉદ્યોગોમાં મશીનરી કે મિલકતને નુકસાન નહીં

સુરતઃ સચિનની આસપાસના ગામોમાં માત્ર 10 કલાકમાં અહીં 10 ઈંચ વરસાદ પડતા ઉન અને તલંગપોર ખાડી છલકાઈ હતી. સચિન GIDCનું પાણી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નેટવર્ક થકી ઊન ખાડી મારફત દરિયામાં જતું હોય છે.

સચિન,પાલી, કનકપુર, કનસાડ,લાજપોર, કપલેથા, ઉંબર,તલંગપોર સહિતના ગામો અને સચિન જીઆઈડીસી વિસ્તારમાં સોમવારે 24 કલાકમાં 135 મિ.મી. અને મંગળવારે સવારે 6થી સાંજે 4 વાગ્યા સુધી વધુ 10 ઈંચ વરસાદ ઝીંકાતા ઊન અને તલંગપોર ખાડી છલકાઈ હતી. ઊન ખાડી ઓવરફ્લો થતા સચિન જીઆઈડીસીમાં પાણીનો ભરાવો થયો હતો. જોકે, સચિન નોટીફાઈડ બોર્ડના ચેરમેન નિલેશ ગામી અને ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાલાના દાવા મુજબ ભારે વરસાદ છતાં સચિન જીઆઈડીસી નોટિફાઈડ એરિયાની પ્રિમોન્સૂન કામગીરી અસરકારક સાબિત થઈ હોવાનું તંત્રએ જણાવ્યું છે. વરસાદની વિકટ સ્થિતિ હોવા છતાં કોઈપણ ઉદ્યોગના કારખાના, મશીનરી અથવા મિલકતને નુકસાન થયાની નોંધ નથી. હાલ પણ વિસ્તારમાં સતત ધોધમાર વરસાદ ચાલુ હોવાથી તંત્ર સતર્ક બની સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આવતીકાલે બુધવારની વરસાદની સ્થિતિને પગલે મુખ્ય હોદ્દેદારો અને નોટીફાઈડના અધિકારીઓ કંટ્રોલ રૂમમાં જ રોકાશે.જેથી કોઈ ઈમરજન્સી સર્જાય તો તાત્કાલિક કામગીરી કરાવવા ઉપરાંત નિર્ણય લઈ શકાય અને કોઈપણ સ્થિતિને પહોંચી વળાય અને રેસ્ક્યુ કરી શકાય.

## સસ્તામાં મકાન અપાવવાના નામે લોન લઈ કામદારો સાથે કૌભાંડ

**કાકાના** દીકરાએ જ મુખ્ય સૂત્રધાર જીતેન્દ્ર પરમાર સાથે મળી એટીએમ ,પાનકાર્ડ અને ફોનનું સીમકાર્ડ પડાવી કૌભાંડ આચર્યું

સુરતઃ કતારગામ ઝોનમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા અને સિંગણપોર ખાતે રહેતા પુષ્પાબેન પરમાર સાથે તેમના જ સગા કાકાના દીકરા અને મુખ્ય સૂત્રધાર જીતેન્દ્ર પરમારે મળીને પૂર્વ આયોજિત કાવતરા ભાગરૂપે અલગ-અલગ બેંકોમાંથી રૂ.૪૭,૯૪,૮૬૮ ની લોન ઉપાડી અંગત સ્વાર્થમાં વાપરી નાખી હોવાની ફરિયાદ નોંધાતા સમગ્ર સફાઈ કામદાર આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

### કોર્ટનું વોરંટ આવતા અને જીતેન્દ્રએ ઝેર ગટગટાવતા ભાંડો ફૂટ્યો

દરમિયાન, લોન ભરપાઈ ન થવાના કારણે કોર્ટમાંથી સીધા વોરંટ અને નોટિસો ઘરે આવતા પુષ્પાબેન ચોંકી ઉઠ્યા હતા.તેઓ જ્યારે જીતેન્દ્રના ઘરે તપાસ કરવા ગયા ત્યારે ખબર પડી કે જીતેન્દ્ર દવા પી ગયો હોવાથી બેભાન હાલતમાં હોસ્પિટલમાં હતો. તેના પરિવારજનોએ પણ પુષ્પાબેનને ધમકાવી કાઢી મૂક્યા હતા. આખરે બેંકમાં તપાસ કરાવતા ભોગ બનનારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આરોપીઓએ શુભનગર સોસાયટીના ખોટા મકાનના બોગસ કાગળો ઊભા કરી પુષ્પાબેનના નામે ICICI બેંક માંથી રૂ.૨૬,૮૮,૦૦૦,ચોલામંડલમ ફાઇનાન્સ માંથી રૂ.૧૮,૯૪,૦૧૮ અને બજાજ ફાઇનાન્સ માંથી રૂ.૦૨,૧૨,૮૫૦ મળી કુલ આશરે રૂ.૪૭,૯૪,૮૬૮ થી વધુની રકમ જીતેન્દ્રએ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી.